# COVID-19: શાળાઓ અને બાળ સંભાળ કેન્દ્રો ફરીથી ખોલવા

ઓન્ટારિયોની શાળાઓને સુરક્ષિત રીતે ફરીથી ખોલવામાં દરેકનો હિતસંબંધ છે. તેથી જ ઓન્ટારિયો સરકારે આપણા બાળકોને સુરક્ષિત રાખવા માટે એક વ્યાપક યોજના બનાવવા માટે ડૉક્ટરો, આરોગ્ય અધિકારીઓ, શાળા મંડળો અને શિક્ષકો સાથે કામ કર્યું છે.

વિદ્યાર્થીઓ અને શાળાઓના કર્મચારીઓની સુખાકારી સુનિશ્ચિત કરવામાં મદદ મેળવવા માટેની સરકારની યોજનામાં ઉન્નત સફાઇકામ, શાળાઓમાં વધુ શિક્ષકો, સંરક્ષકો અને નર્સો મૂકવા, ચહેરો ઢાંકવો, હાથ ધોવા, શારીરિક અંતર તથા અન્ય પગલાંનો સમાવેશ થાય છે.

## નવી પસંદગી: ઇન-ક્લાસ (વર્ગમાં) અથવા દૂરસ્થ શિક્ષણ

આ યોજનાના ભાગરૂપે, ઇન-ક્લાસ (વર્ગમાં) અથવા દૂરસ્થ શિક્ષણનાવિકલ્પો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના બંને વિદ્યાર્થીઓ માટે શાળાકીય વર્ષ 2020-2021માં ઉપલબ્ધ રહેશે. કુટુંબો પોતાના માટે શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરી શકે છે.

## બાળ સંભાળ કેન્દ્રો

સપ્ટેમ્બર 1, 2020 થી, બાળ સંભાળ કેન્દ્રોને પૂરેપૂરી ક્ષમતા સાથે ખુલવાની પરવાનગી મળશે જો તેઓ વધારાના સલામતીરૂપ પગલાં લેશે, જેમ કે વધારાનું સફાઇકામ, બાળકો અને સ્ટાફના સભ્યોની તપાસ (સ્ક્રીનિંગ), સંપર્ક ટ્રેસિંગ થઇ શકે તે માટે હાજરીનો રેકોર્ડ રાખવો અને જો કોઇ બાળક કે કર્મચારી માંદો પડે તો સલામતીના નિયમો (પ્રોટોકૉલ્સ) બનાવવા.

સ્કૂલ પહેલાં અને પછીના કાર્યક્રમોને COVID-19 ફાટી નીકળતાં પહેલાં નક્કી કરાયેલા કર્મચારી-અને-બાળકનો રેશિયો (પ્રમાણ) અને મહત્તમ જૂથ આકાર જરૂરિયાતો સાથે સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવશે.

Ontario.ca/ReopeningChildCare પર વધુ જાણો

## પ્રાથમિક શાળાઓ: કિંડરગાર્ટનથી ધોરણ 8 સુધી

કિંડરગાર્ટનથી ધોરણ 8 સુધીના પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓ દર અઠવાડિયે પાંચ દિવસ માટે શાળામાં હાજર રહી શકશે, જેમાં રિસેસ (વિશ્રાન્તિનો સમય) અને બપોરના ભોજનના વખત સહિત આખો દિવસ એક જૂથમાં જ રહેવાનું હશે. વર્ગ જૂથો આખો દિવસ એક સાથે રહેશે.

## માધ્યમિક શાળાઓ: ધોરણ 9-12

માધ્યમિક શાળાઓ સપ્ટેમ્બરમાં પરંપરાગત અથવા અનુકૂળ બનાવાયેલા વ્યક્તિગત શિક્ષણ અને સૂચનાની જોગવાઇ સાથે ખૂલશે,

જેનો આધાર શાળા મંડળના પદનામ પર હશે (વધુ માહિતી માટે Ontario.ca/DesignatedSchoolsની લિંક નાખો).

ધોરણ 9-12ના મોટાભાગના માધ્યમિક શિક્ષણના વિદ્યાર્થીઓ અનુકૂળ બનાવાયેલામૉડલ પર શાળામાં પાછા ફરશે. વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થી-થી-વિદ્યાર્થી સંપર્કોની સંખ્યાને મર્યાદિત કરવા, શક્ય તેટલું એક વિદ્યાર્થીઓના જૂથ પર ભાર મૂકવા માટે રચિત સમયપત્રક હશે.

### નિયુક્ત શાળા મંડળો

નિયુક્ત શાળા મંડળોમાંની માધ્યમિક શાળાઓ એક અનુકૂળ બનાવાયે લામૉડલ પર ખૂલશે, જેમાં આશરે 15 વિદ્યાર્થીઓના વર્ગ જૂથો એકાંતર સમયખંડોમાં હાજરી આપશે જેમાં ઓછામાં ઓછા 50% શિક્ષણ પ્રદાનના દિવસોમાં વ્યક્તિગત હાજરી સામેલ હશે.

અનુકૂળ બનાવાયેલા મૉડલમાં માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને દૂર શિક્ષણના દિવસોમાં અભ્યાસક્રમ-સંબંધિત સ્વતંત્ર કામ આપવામાં આવશે અને, શક્ય હશે ત્યારે, તેઓ શાળામાં દરરોજ દિવસના એક ચોક્કસ ભાગમાં તેમના શિક્ષકો અને સહપાઠીઓ સાથે નિયમિત ઓનલાઇન શિક્ષણમાં ભાગ લેશે.

### અનિયુક્ત શાળા મંડળો

**અનિયુક્ત** શાળા મંડળોમાંની માધ્યમિક શાળાઓને દર અઠવાડિયે પાંચ દિવસ માટે ખોલવાની પરવાનગી મળશે. આ શાળા મંડળોનું પદનામ અમુક પરિબળો પર આધાર રાખતું હોય છે જેમાં શાળા મંડળનો આકાર, મંડળની માધ્યમિક શાળાઓની સંખ્યા અને આકાર, માધ્યમિક ધોરણોના જૂથોના આકાર, અને શું મંડળ મહદઅંશે શહેરી છે કે કેમ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

## રક્ષણની વ્યૂહરચનાઓ

સપ્ટેમ્બરમાં શાળાઓમાં પાછા ફરવું સલામત બને એ ખાતરી મેળવવા માટે, નીચે જણાવેલ રક્ષણની વ્યૂહરચનાઓ અમલી બની રહી છે:

- દરેક કર્મચારી અને વિદ્યાર્થીએ દરરોજ શાળામાં હાજર થતા પહેલાં જાતે સ્વ-તપાસ કરવાની છે
- સ્કૂલની અંદરના પોસ્ટરો અને સંકેતો સ્વ-તપાસ, હાથની સ્વચ્છતા, શારીરિક અંતર, હૉલવેનો એક જ બાજુથી ઉપયોગ, પ્રવેશ પ્રણાલીઓ સાથે મેળ પાડવો અને રમતના મેદાનના ઉપયોગને સુદૃઢ કરશે
- ધોરણ 4 થી 12ના વિદ્યાર્થીઓએ શાળાની અંદર નોન-મેડિકલ (બિન-તબીબી) કે કપડાંના માસ્ક પહેરવાના રહેશે. ધોરણ 3 સુધીના વિદ્યાર્થીઓએ ચહેરો ઢાંકવા (ફેસકવરિંગ)ની જરૂર નથી, પણ તેમને આ માટે પ્રોત્સાહન આપવામાં આવશે.
- વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો બધાં શિક્ષકો અને કર્મચારીઓને પૂરા

પાડવામાં આવશે, અને શાળામાં કાર્યરત બધાં કર્મચારીઓ માસ્ક પહેરે તેવી અપેક્ષા રાખવામાં આવશે.

શાળાઓ અને મંડળોને 500 નવી જાહેર આરોગ્ય નર્સોનો ટેકો પણ પૂરો પાડવામાં આવશે જેઓ પરીક્ષણને ટેકો આપશે અને સ્થાનિક આરોગ્ય પ્રોટોકૉલને અમલમાં મૂકવામાં અને બાળકો તથા કર્મચારીઓને સલામત રાખવામાં મદદ કરશે.

ઓન્ટારિયો સરકાર વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને સલામત રાખવા માટે વધારાના પગલાં પણ લઇ રહી છે અને આ માટે મંડળોને ઉપલબ્ધ જાહેર સ્થળો સુધી પ્રવેશહક, વધુ શિક્ષકો રાખવા, કે સમય પત્રક વિનાના બધાં શિક્ષકોને પૂર્ણ કક્ષાએ ગોઠવવા માટે સક્ષમ બનાવ્યા છે. આ પગલાં શાળા મંડળોને નાના આકારના વર્ગો પૂરા પાડવામાં, વર્ગોમાં શારીરિક અંતર રાખવામાં, અને સ્થાનિક જરૂરિયાતો પ્રમાણે મેળ પાડવામાં મંડળોને સક્ષમ બનાવશે.

સરકાર શાળાઓમાં હવા ઉજાસ, વાયુની ગુણવત્તા અને HVAC (Heating Ventilation and Air Conditioning - હીટિંગ વેન્ટિલેશન એન્ડ એયર કન્ડિશનિંગ) પ્રણાલીની અસરકારકતા સુધારવા માટે ભંડોળ પણ આપી રહી છે.

## COVID-19ના લક્ષણો પર દેખરેખ અને ઉપાય

કોઇ પણ વિદ્યાર્થી કે કર્મચારી જેનામાં શાળામાં હોવા દરમ્યાન COVID-19ના લક્ષણો દેખાય તેને તરત જ અન્યોથી અલગ કરી દેવો જોઇએ,શક્ય હોય તો એક જુદા રૂમમાં ત્યાં સુધી રાખવો જોઇએ, જ્યાં સુધી તે ઘરે જવાની હાલતમાં ન આવી જાય. અલગ કરાયેલ વિદ્યાર્થીનું નિરીક્ષણ શાળાની રાબેતા મુજબની નીતિ પ્રમાણે થવું જોઇએ, જેમાં શારીરિક અંતર જળવાય અને આરોગ્ય માર્ગદર્શનને અનુરૂપ PPE (વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો) પૂરું પાડવામાં આવે. લક્ષણો ધરાવતા કોઇ પણ વિદ્યાર્થી કે કર્મચારીએ જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો જોઇએ નહીં.

જેનો પણ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય એણે 14 દિવસ માટે જાતે એકાંતવાસ લઇ લેવો અને જાહેર આરોગ્ય એકમ સ્વસ્થ જાહેર ન કરે ત્યાં સુધી તે શાળામાં આવી શકે નહીં.

જો તમે માતા/પિતા, વાલી કે શાળાના કર્મચારી છો અને તમારામાં લક્ષણો જણાય, તો **covid-19.ontario.ca/self-assessment** પર એક ઓનલાઇન સ્વ-મૂલ્યાંકન પૂરું કરો જેથી એ સમજી શકો કે શું પગલાં લેવાના છે.

## COVID-19 કેસોની જાણ કરવી

શાળાની અંદર COVID-19નો કોઇ શંકાસ્પદ કે ખાતરીવાળો કેસ હોય તો શાળાઓએ સ્થાનિક જાહેર આરોગ્ય એકમને તરત જાણ

કરવી. પ્રિન્સિપલએ સમર્પિત જાહેર આરોગ્ય સંપર્ક અને નજીકના COVID-19 મૂલ્યાંકન સ્થળોની યાદી જાળવવી જરૂરી છે.